# એમ્પલોયમેન્ટ સ્ટેન્ડર્ડ્ઝ
# હક રજાઓ ( ગેરહાજરીની રજાઓ )
## ગર્ભાવસ્થા, માતૃત્વ / પિતૃત્વ, વ્યક્તિગત તાકીદની કૌટુંબિક તબીબી અને રિઝર્વીસ્ટ્સ રજાઓ વિશે માહિતી

એમ્પ્લોયમેન્ટ સ્ટેન્ડર્ડ્ઝ એકટ, 2000 સંક્ષિપ્તમાં ESA તરીકે ઓળખાય છે, આ એક કાયદો છે જે ઓન્ટારિયોમાં કામના સ્થળે ન્યાયપૂર્ણ વ્યવહાર થાય તે માટે ન્યૂનતમ ધારાધોરણો નક્કી કરે છે.

તમને ESAનું રક્ષણ મળેલું હોય તો ગર્ભાવસ્થા, માતૃત્વ / પિતૃત્વ, વ્યક્તિગત તાકીદની કૌટુંબિક તબીબી અને રિઝર્વીસ્ટ્સ રજાઓ લેવાનો તમને અધિકાર હોઈ શકે.

### ગર્ભાવસ્થા અને માતૃત્વ / પિતૃત્વની રજા

**ગર્ભાવસ્થાની રજા :** ગર્ભાવસ્થાની રજા 17 અઠવાડિયાં સુધી મળે છે, એમાં નોકરી ટકી રહે છે પણ વેતન નથી મળતું. જો તમે ફુલ–ટાઈમ, પાર્ટ–ટાઈમ, કાયમી કે કોન્ટ્રૅકટવાળાં કર્મચારી હો અને ગર્ભવતી હો તો ગર્ભાવસ્થાની રજા લઈ શકો છો. તમારા બાળકના જન્મની સંભવિત તારીખથી ("ડયુ ડેટ")13 અઠવાડિયાં પહેલાં તમને નોકરી મળેલી હોવી જોઈએ.

**માતૃત્વ / પિતૃત્વ રજાઃ** તમે નવાં માતા/ પિતા (ઉદાહરણ તરીકે, સગાં કે દત્તક લેનાર માતા/પિતા, કોઈ બાળકના માતા/ પિતા સાથે સંબંધ બાંધીને એ બાળકને પોતાનું માનવા તૈયાર વ્યકિત) હો તો બાળક જન્મે ત્યારે અથવા એ પહેલી વાર તમારી દેખરેખમાં આવે ત્યારે નોકરી ટકી રહે છે પણ વેતન નથી મળે તેવી રજા લેવાનો તમને અધિકાર છે.

તમે ભલે ને, ફુલ–ટાઈમ, પાર્ટ–ટાઈમ, કાયમી કે કોન્ટ્રૅકટવાળાં કર્મચારી હો તો તમે માતૃત્વ / પિતૃત્વની રજા માટે હકદાર છો. આના માટે લાયકાત મેળવવા, રજા શરૂ થતાં પહેલાં તમે ઓછાંમાં ઓછા13 અઠવાડિયાં નોકરી કરેલી હોવી જોઈએ.

જે કર્મચારીઓ ગર્ભાવસ્થાની રજા લે તેમને 35 અઠવાડિયાં સુધી માતૃત્વ / પિતૃત્વ રજા લેવાનો અધિકાર છે જે સામાન્ય રીતે આ રજા ગર્ભાવસ્થાની રજા પૂરી થવાની સાથે જ શરૂ થાય છે. ગર્ભાવસ્થાની રજા ન લેનાર અને બીજાં બધાં નવાં માતાપિતા 37 અઠવાડિયાં સુધીની રજા લઈ શકે છે, જે બાળકના જન્મ અથવા બાળક એમની દેખરેખમાં આવે તેની તારીખથી 52 અઠવાડિયાં કરતાં ઓછા સમયમાં શરૂ થવી જોઈએ. માતા અથવા પિતાએ બન્નેએ આ રજા એક જ સમયે લેવી પડે એવું નથી.

**તમારા એમ્પ્લોયરને જાણ કરવી** : અમુક અપવાદ સંયોગો સિવાય,ગર્ભાવસ્થાની રજા કે માતૃત્વ / પિતૃત્વની રજા શરૂ થાય તેનાં ઓછામાં ઓછાં બે અઠવાડિયાં પહેલાં, સામાન્ય રીતે તમારા એમ્પ્લોયરને તમારે લેખિતમાં જાણ કરવી જ પડે. વળી તમે તમારી રજા પૂરી થવાની તારીખમાં ફેરફાર કરવા માંગતા હો તો પણ તમારા એમ્પ્લોયરને ચાર અઠવાડિયાં પહેલાં લેખિત નોટિસ આપવાની રહેશે.

**નોંધઃ** તમે ગર્ભાવસ્થાની કે માતૃત્વ / પિતૃત્વની રજા શરૂ કરો તે પછી એ આખી જ પૂરી કરવાની છે, તમે એના ભાગ ન પાડી શકો.

## વ્યક્તિગત તાકીદની રજા

દરેક કેલેન્ડર વર્ષમાં10 દિવસ સુધી વ્યક્તિગત તાકીદની રજા વેતન વિના મળે છે, પરંતુ એમાં નોકરી ટકી રહે છે. પરંતુ લાયકાત મેળવવા, તમારો એમ્પ્લોયર નિયમિત રીતે ઓછામાં ઓછા 50 કામદારોને રોકતો હોય ત્યાં જ આ લાગુ પડે છે.

આ રજા કર્મચારીની પોતાની માંદગી, ઈજા કે તબીબી કટોકટી માટે અથવા નીચે જણાવેલાઓના મૃત્યુ, માંદગી ઈજા કે તબીબી કટોકટી અથવા તાકીદની બાબત માટે લઈ શકાય છે :

- તમારા પતિ કે પત્ની
- તમારા કે તમારા સાથીના માતા / પિતા, સાવકા માતા / પિતા, પાલક માતા / પિતા, બાળક, સાવકા સંતાન, પાલક સંતાન, દાદા–દાદી, સાવકા દાદા–દાદી, દૌહિત્ર કે સાવકા દૌહિત્ર
- તમારા બાળકના પતિ કે પત્ની
- તમારા ભાઈ કે બહેન
- તમારી દેખરેખ કે મદદ પર આધારિત સંબંધીના

**તમારા એમ્પ્લોયરને જાણ કરવી**
તમે વ્યક્તિગત તાકીદની રજા લેવાના હો તેનાથી પહેલાં, અથવા બની શકે તેટલું તરત, તમારે તમારા એમ્પ્લોયરને એની જાણ કરવી જ જોઈએ.

**નોંધ :** 10 દિવસની વ્યક્તિગત તાકીદની રજા એક સાથે લેવાનું જરૂરી નથી. જો કે, કોઈ દિવસે તમે અમુક સમય માટે રજા લો તેને તમારો એમ્પ્લોયર આખા દિવસની વ્યક્તિગત તાકીદની રજા ગણી શકે છે.

## કૌટુંબિક તબીબી રજા

26 અઠવાડિયાંના ગાળામાં 8 અઠવાડિયાં સુધી કૌટુંબિક તબીબી રજા લઈ શકાય છે આ રજામાં નોકરી ટકી રહે છે, પરંતુ વેતન નથી મળતું.

કુટુંબના કોઈ સભ્યની તબીબી હાલત બહુ જ ગંભીર હોય અને 26 અઠવાડિયાંના ગાળામાં મૃત્યુ થવાનું નોંધપાત્ર જોખમ હોય તો એની દેખરેખ અને મદદ માટે જ આ રજા લેવાની છે કર્મચારી એવા કોઈ પણ વ્યક્તિ માટે આ રજા લઈ શકશે જે કુટુંબના સભ્ય છે અથવા તો સભ્ય જેવા છે.

તબીબી હાલત અને મૃત્યુના જોખમના પુરાવા તરીકે યોગ્યતા ધરાવતા આરોગ્ય વ્યવસાયીનું સર્ટીફિકેટ આપવાનું ફરજિયાત છે.

તમે ફેડરલ એમ્પ્લોયમેન્ટ ઈંશ્યોરન્સ કમ્પોશનેટ કેર બેનીફિટ્સ (રોજગાર વીમા હેઠળ કરુણાવશ સંભાળના બેનીફિટ્સ) માટે અરજી કરો કે ન પણ કરો, તમને કૌટુંબિક તબીબી રજા મળી શકે છે. તમે એમ્પ્લોયમેન્ટ ઈંશ્યોરન્સ (EI) કમ્પેશનેટ કેર બેનીફિટ્સ માટે અરજી કરતા હો તો હ્યુમન રિસોર્સિઝ એન્ડ સ્કિલ્સ ડેવલપમેન્ટ, કૅનેડા (કૅનેડાના માનવ સંસાધન અને હુન્નર વિકાસ વિભાગ) સમક્ષ રજૂ કરેલું તબીબી સર્ટિફિકેટ પણ કૌટુંબિક તબીબી રજા લેવા માટે ઉપયોગમાં લઈ શકાય છે.

તમારી નોકરી ફુલ–ટાઈમ, પાર્ટ–ટાઈમ, કાયમી કે કૉન્ટ્રેક્ટની હોય, પરંતુ આ દરજ્જાના ભેદભાવ વિના કૌટુંબિક તબીબી રજા લેવાનો તમને અધિકાર છે.

એ જ વ્યકિતની સંભાળ માટે બે કર્મચારીઓને રજા લેવાનો અધિકાર હોય તો બન્ને મળીને , આઠ અઠવાડિયાની જ રજા લઈ શકે છે.

**તમારા એમ્પ્લોયરને જાણ કરવી**
તમે કૌટુંબિક તબીબી રજા લેવાના હો તેનાથી પહેલાં, અથવા બની શકે તેટલું તરત, તમારે તમારા એમ્પ્લોયરને લેખિતમાં એની જાણ કરવી જ જોઈએ.

**નોંધ :** 8 અઠવાડિયાંની કૌટુંબિક તબીબી રજા એક સાથે લેવાની જરૂર નથી.

## રિઝર્વીસ્ટ્સ રજા

એવા કર્મચારીઓ જે રિઝર્વીસ્ટ્સ છે અને જેમને આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિઓ માટે કે કેનેડા અંતર્ગત નીમવામાં આવ્યા છે અથવા કટોકટી કે તેની બાદના સમય માટે (શોધ અને બચાવ અભિયાન સહિત) સહાય પૂરી પાડનાર હોય તેઓ તે કાર્યમાં સામેલ થવા માટે જરૂરી સમય માટે અવેતન રજાઓ માટે ઈએસએ અંતર્ગત લાયક છે.  કેનેડાની બહારની પ્રવૃત્તિઓ માટે, રજાઓમાં પૂર્વ–રોજગાર અને રોજગાર પછીની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે જે સંબંધિત કાર્યના સંબંધમાં કેનેડિયન દળ દ્વારા જરૂરી છે.

રિઝર્વીસ્ટ રજાઓ માટે લાયકાત મેળવવા માટે, તમારે તમારા નિયોક્તા માટે કમ સે કમ સળંગ છ મહિના માટે કામ કરવું જરૂરી છે. સામાન્ય રીતે, રિઝર્વીસ્ટ માટે તેમના નિયોક્તાને તેમની રજા શરૂ થવાની અન સમાપ્ત થવાની તારીખની વ્યાજબી લેખિત નોટિસ આપવી જરૂરી છે.  રીઝર્વીસ્ટ રજાઓ એવા રિઝર્વીસ્ટ માટે જ માન્ય છે જેમણે તેમની જરૂરી નોટિસ આપી છે અને જેમને ૩ ડિસેમ્બર, ૨૦૦૭ બાદ કામ માટે નીમવામાં આવ્યા છે.

રિઝર્વીસ્ટ રજાઓ પર જનારા કર્મચારીઓને જો તે હોદ્દો હજી અસ્તિત્વમાં હોય તો તેજ હોદ્દા પર અથવા જો તે અસ્તિત્વમાં ન હોય તો તેને સમકક્ષ હોદ્દા પર પાછા ફરવાનો અધિકાર છે.  જો નિયોક્તા કર્મચારીની કામ પર પાછા ફરવાના મુદ્દાને મોકૂફ રાખવા ઈચ્છતા હોય તો નિયોક્તાએ કર્મચારીના રોજગાર સાથે સંબંધિત અમુક લાભ યોજના માટેના પ્રિમીયમનો હિસ્સો આપવો જરૂરી છે અને પાછા ફરવાની મોકૂફીના સમયગાળા માટે કર્મચારીને આવી યોજનામાં હિસ્સો લેવા માટે મંજૂરી આપવી જરૂરી છે.

## સીનિયોરિટી અને લાભો

**સીનિયોરિટી**
તમે ચાર પ્રકારમાંથી કોઈ પણ પ્રકારની રજા લીધી હોય તો પણ તમારી સીનિયોરિટી અને તમારા સેવાકાળ અને નોકરીની લાંબી મુદત માટેના લાભો તમને મળતા જ રહે છે.

**એમ્પ્લોયરની લાભ યોજનાઓ**
તમે ગર્ભાવસ્થા, માતૃત્વ / પિતૃત્વ, વ્યક્તિગત તાકીદની કે કૌટુંબિક તબીબી રજા પર હો તો પણ તમારા એમ્પ્લોયરે ઘણીખરી લાભ યોજનામાં પોતાનો ફાળો જમા કરાવવાનો છે. (દા.ત. પેન્શન, જીવન વીમો અને વિસ્તારિત સ્વાસ્થ્ય વીમો, અકસ્માતમાં મૃત્યુ અને દાંતની સંભાળની યોજનાઓ).

**ફેડરલ એમ્પ્લોયમેન્ટ ઈંશ્યોરન્સના લાભો**
પ્રસૂતિ, માતૃત્વ / પિતૃત્વ અને કરુણાપૂર્ણ સંભાળના લાભો ફેડરલ સરકારના રોજગાર વીમા કાર્યક્રમ મારફતે મળે છે. આ બાબતમાં વધારે માહિતી માટે હ્યૂમન રિસૉર્સિઝ એન્ડ સોશીયલ  ડેવલપમેન્ટ કૅનેડાની એમ્પ્લોયમેન્ટ ઈંશ્યોરન્સ ઈંકવાયરી લાઈન 1-800-206-7218 પર વિના ખર્ચે ફોન કરો.

## આ રજાઓ લઉં તો મને બરતરફ કરી શકાય ?

ના. તમે રજા લેવાને પાત્ર હો તો તમને ગર્ભાવસ્થા, માતૃત્વ / પિતૃત્વ, વ્યક્તિગત તાકીદની કૌટુંબિક તબીબી  અને  રિઝર્વીસ્ટ્સ રજા લેવાનો અધિકાર છે.

આ રજાઓ તમે લો અથવા એના માટે આયોજન કરો તેથી તમારો એમ્પ્લોયર તમને ડરાવી –ધમકાવી ન શકે, નોકરીમાંથી કાઢી ન શકે, તમને સસ્પેન્ડ ન કરી શકે, તમને કોઈ પ્રકારે સજા ન કરી શકે અથવા આમાંથી કોઈ કાર્યવાહી કરવાની ધમકી ન આપી શકે.
આવું થાય તો શ્રમ મંત્રાલયનો સંપર્ક કરશો.

## શ્રમ મંત્રાલયનો સંપર્ક કરો

એમ્પ્લોયમેન્ટ સ્ટેન્ડર્ડ્ઝ ઈન્ફર્મેશન સેંટરને ફોન કરો 416-326-7160, 1-800-531-5551 (વિના ખર્ચે ) અથવા 1-866-567-8893 બહેરા લોકો માટે ટીટીવાય. તમે અંગ્રેજી કે ફ્રેન્ચ ન બોલતા હો તો , કૃપા કરીને જયારે તમને બોલાવવામાં આવે ત્યારે જેમને આ ભાષાઓ આવડતી હોય તેવા કોઈને સાથે રાખશો.

ઈએસએ સંરક્ષિત અધિકારો પર વધુ માહિતી પૂરી પાડનાર ઓનલાઈન પ્રકાશનો મેળવવા શ્રમ મંત્રાલયની વેબસાઈટ www.labour.gov.on.ca ના એમ્પ્લોયમેન્ટ સ્ટેન્ડર્ડ્ઝ વિભાગની મુલાકાત લો.

આ માહિતી જનહિતાર્થે આપવામાં આવી છે. આ માહિતી તાજી અને સાચી હોય તેની કાળજી લેવાનો અમે પ્રયાસ કરીએ છીએ, તેમ છતાં કયારેક ખામી રહી જતી હોય છે. આથી માહિતી કેટલી અણીશુદ્ધ છે તેની અમે ગૅરંટી ન આપી શકીએ. વાચકે શકય હોય ત્યાં સુધી, આ માહિતીના આધારે કાર્યવાહી કરતાં પહેલાં એની ચકાસણી કરી લેવી.

esa
employment standards act

©Queen's Printer for Ontario, 2008
Printed in Canada
ISBN 1-4249-1183-4 (Print)
SBN 1-4249-1185-0 (PDF)
ISBN 1-4249-1184-2 (HTML)

Gujarati
"Leaves of Absence" is also available in English, French and other languages.
« Congés autorisés » est également disponible en anglais, en français et en d'autres langues.